# ક્યારેક ભગવાને પણ છળકપટ કરવું પડે છે

સ્વના ભોગે પણ જીવનું હિત કરવાનો ભગવાનનો સ્વભાવ છે. નારાજ થઈને નારદજીએ ભગવાનને પણ શાપ આપી દીધો હતો. ભગવાને તો નારદજીનું હિત જ કર્યું હતું. એવી પણ એક એવી ઘટના છે કે જયાં રાક્ષસ પત્ની વૃંદાએ પણ ભગવાનને શાપ આપી દીધો હતો. ઘટના જરા વિચિત્ર છે પણ તેમાં સમાયેલો મર્મ સમજવા જેવો છે. ગૌસ્વામી તુલસીદાસજી રચિત રામાયણ-શ્રીરામચરિત માનસના બાલકાંડનો એ માર્મિક પ્રસંગ

**જલંધર તો પાપી હતો, વ્યભિચારી હતો. પોતાની સતી પત્નીના સતીત્વની ઓથમાં તે અન્ય અનેક નારીઓના સતીત્વનો ભંગ કરી રહ્યો હતો**



છે. ઘટના કંઈક આવી છે. એક વાર જલંધર નામના રાક્ષસે સ્વર્ગમાં હાહાકાર મચાવ્યો. અનેક પ્રયત્નો કરવા છતાં પણ એ દુષ્ટ કોઈનાથી મરતો ન હતો. દેવતાઓ પણ હારી ગયા. સ્વયં મહાદેવ પણ તે મહાશકિતશાળીને મારી ન શકયા. એવું તે શું કારણ હતું કે જલંધર જાણે અમર હોય તેમ કોઈનાથી મરાતો ન હતો? તે અમર તો ન હતો પરંતુ તેની પત્ની વૃંદાનો પતિવ્રતધર્મ તેની રક્ષા કરી રહ્યો હતો. વૃંદા પરમ સતી હતી. પોતાની પત્નીના સતીત્વ રૂપી રક્ષાકવચને કારણે જલંધર પોતાને અમર સમજતો હતો. એટલે તે સર્વત્ર આતંક ફેલાવી રહ્યો હતો. રૂપલાલસુ હતો. અનેક નારીઓનાં શીયળ લૂંટી રહ્યો હતો. અનેકને વિધવા બનાવી રહ્યો હતો. જલંધરના મૃત્યુનો એક જ ઉપાય હતો. વૃંદાના સતીત્વનો ભંગ! જો કે તેના સતીત્વનું ખંડન કરવું કઠીન તો હતું જ તેમ છતાં બહુજનહિતાય જલંધરને મારવો પણ જરૂરી હતું. ધર્મની આડશમાં (પત્ની વૃંદાના સતીત્વ) અર્ધમનું આચરણ કરી રહેલા એ મહાપાપીને મારવા માટે ભગવાને છળનો આશરો લેવો પડયો!

**આચમન**
**બિપિન પટેલ**

એક તરફ જલંધર અને શિવજીનું યુધ્ધ ચાલી રહ્યું હતું. બીજી તરફ જલંધરનું રૂપ ધારણ કરીને ભગવાન વિષ્ણુ જલંધરની પત્ની વૃંદા પાસે પહોંચ્યા. વૃંદા તેમને પોતાનો પતિ જલંધર સમજીને તેમની સાથે પતિ સમાન વ્યવહાર કરવા લાગી. તેણે પર પુરુષનો સ્પર્શ કર્યો. પરિણામે તેના સતીત્વનો ભંગ થયો. એ જ ક્ષણે શિવજી દ્વારા જલંધરનો વધ કરાયો. જલંધરનું શિશ તેના મહેલ પાસે આવીને પડયું. વૃંદાએ તે જોયું. તરત જ તે સમજી ગઈ કે મારા પતિને મારવા માટે મારી સાથે છળ કરાયું છે. તે નકલી જલંધરને ઓળખી ગઈ. આ તો સ્વયં ભગવાન વિષ્ણુએ મારી સાથે છળ કર્યું છે. તરત જ ક્રોધાવેશમાં તેણે ભગવાનને શાપ આપ દીધો ‘‘જાઓ!પથ્થર બની જાઓ!’’ ભગવાને તેનો સહર્ષ સ્વીકાર કર્યો.

જલંધર તો પાપી હતો, વ્યભિચારી હતો. પોતાની સતી પત્નીના સતીત્વની ઓથમાં તે અન્ય અનેક નારીઓના સતીત્વનો ભંગ કરી રહ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો વૃંદાનું સતીત્વ અન્ય નારીઓ માટે સમસ્યા બની ગયું હતું એટલે અનેક સ્ત્રીઓનાં શીલ, શીયળ અને સતીત્વની રક્ષા માટે સ્વયં ભગવાને વૃંદા સાથે છળ કર્યું. જો કે ભગવાને છળ તો કર્યું પરંતુ તેની સાથે સાથે વૃંદાની મનોકામના પણ પૂર્ણ કરી. પૂર્વજન્મમાં વૃંદા ભગવાન વિષ્ણુની પરમ ભક્ત હતી અને ભગવાનને પતિ રૂપમાં પામવા માટે કઠોર તપ કર્યું હતું. ભગવાને તો તેની મનોકામના પૂરી કરવાની હતી. વર્તમાન જન્મમાં વૃંદાએ તેમને શાપ આપ્યો. ભગવાન પથ્થરમાં ફેરવાઈ ગયા એટલે કે શાલીગ્રામના રૂપમાં ફેરવાઈ ગયા. વૃંદા પોતાના પતિના મસ્તક સાથે અગ્નિમાં પ્રવેશી ગઈ. તેની રાખમાંથી એક છોડ અંકુરિત થયો. ભગવાને તેને ‘તુલસી’ નામાભિધાન સાથે બિરદાવ્યો અને ભક્તવત્સલ ભગવાનની લીલા તો જુઓ! કાર્તિક શુક્લ એકાદશી-દેવ પ્રબોધિની એકાદશી-દેવઊઠી એકાદશીને દિવસે એ જ તુલસી રૂપ વૃંદાના શાલીગ્રામ રૂપ ભગવાન સાથે વિવાહ થયા (તા.1-11-2025,શનિવારે દેવઉઠી એકાદશી છે)ભક્તે તો ભગવાનને શાપ આપ્યો પરંતુ ભગવાને તો તેના મનોરથ પૂર્ણ કર્યા.

# નવા સંકલ્પનું પર્વઃ નૂતન વર્ષ



નૂતન વર્ષનો મંગલ પ્રારંભ થઈ ગયો છે. ત્યારે આ પર્વનું ભારતીય સંસ્કૃતિમાં વિશેષ મહત્ત્વ છે. આ પર્વને શાસ્ત્રોએ મહાપર્વ ગણાવ્યું છે. આજે તો પશ્ચિમી સંસ્કૃતિની અસર વધતાં નવી પેઢીમાં થર્ટીફર્સ્ટ ડિસેમ્બર ને 1લી જાન્યુઆરી અંગ્રેજી ન્યૂ યરનું મહત્ત્વ વધ્યું છે. તેની ઉજવણી ધામધૂમથી કરાય છે પણ ભારતીય સંસ્કૃતિ મુજબ વિક્રમનું નવું વર્ષ અને દિવાળીનું મહત્ત્વ સદીઓથી રહ્યું છે એ આપણી મૂળ પરંપરા છે, એ ન ભૂલવું જોઈએ.

વળી નૂતન વર્ષે આપણે નવાં કપડાં, નવાં જૂતાં વગેરે લાવી પહેરીએ છીએ. જો કે એ ખરું પણ જેમ શરીર માટે નવાં વસ્ત્રોની સજાવટ આપણને જરૂરી લાગે છે તેમ આ શરીરના મૂલાધાર આત્મા, ચેતન શક્તિ કે મનને પણ નવાં વસ્ત્રોની જરૂર હોય છે. એ નવાં સંકલ્પો કરવામાં આવે તો નવા વર્ષની ખરી ઉજવણી કરી ગણાય. આ સંકલ્પો જાત માટે હોય, કુટુંબ માટે હોય કે સમાજ માટે પણ નવા વર્ષના પ્રારંભે કોઈ એક શુભ સંકલ્પ લઈ આખું વર્ષ તેને પૂરો કરવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. એકલો સંકલ્પ કરવો પર્યાપ્ત નથી, તેને પૂર્ણ કરવા કે સફળ બનાવવા સતત પ્રયત્નશીલ રહેવું, કાર્યરત રહેવું કે જાગૃત રહેવું એ પણ જરૂરી છે. યોગ્ય દિશાની મહેનત ભાગ્ય પણ બદલી શકે છે. એકલા ભાગ્ય પર ભરોસો રાખીને બેસી ન રહેવાય. ભાગ્યને બદલવા માટે પરિશ્રમ કરવો પડે અને એ પરિશ્રમ પણ સાચી દિશાનો હોવો જોઈએ. સ્વામી વિવેકાનંદે આપેલું એક સૂત્ર વધુ પ્રચલિત છે. ઊઠો, જાગો અને મંડયા રહો. અહીં ધ્યેય પ્રાપ્તિ માટે સફળ ન થવાય ત્યાં સુધી મંડ્યા રહેવાની વાત છે. માણસની એક જીદ દુનિયા બદલી શકે છે. ડુંગરો તોડીને રસ્તો બનાવી શકે. વૈજ્ઞાનિકો અનેક પ્રયોગોમાં નિષ્ફળ જાય છે પણ પ્રયત્ન છોડી દેતા નથી. એ નિષ્ફળતાઓ પછી પણ મંડ્યા રહે છે. જે છેવટે સફળ થાય છે અને દુનિયાને કંઈક નવું આપી શકે છે માટે સફળતા તેને જ જઈ વરે છે, જે પરસેવે નહાય છે.

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

આ નવા વર્ષે તમે મનગમતો નવો સંકલ્પ લો, ભલે એ ભણવા માટેનો હોય, નોકરી-ધંધા માટે હોય, પત્ની- બાળકોના લાભનો હોય, મા-બાપની સેવાનો હોય, જનતાની સેવાનો હોય કે દેશ પ્રત્યેનો હોય, કોઈ પણ સંકલ્પ તમારા જીવનને નવું બળ આપશે, નવી પ્રેરણા આપશે, અને કર્મનો સંતોષ આપશે.

શુદ્ધ આચાર-વિચાર યુકત સંકલ્પ જીવનની જડીબુટ્ટી છે. એક વાર નવાં કપડાં નહીં હોય તો ચાલશે પણ મન અને આત્મા પર ડાઘ હશે તો જીવનભર કચવાટ લાગશે. એના પર કોઈ દાગ નહીં હોય તો જીવન ઉજ્જવળ અને શાંતિમય બની રહેશે. નવા વર્ષના આ

**નવા વર્ષે તમે મનગમતો નવો સંકલ્પ લો, ભલે એ ભણવા માટેનો હોય, નોકરી-ધંધા માટે હોય, પત્ની- બાળકોના લાભનો હોય, મા-બાપની સેવાનો હોય, જનતાની સેવાનો હોય કે દેશ પ્રત્યેનો હોય, કોઇ પણ સંકલ્પ તમારા જીવનને નવું બળ આપશે**

સંકલ્પ પર્વે આપણે દરીદ્રનારાયણની સેવા, પેટ્રોલની બચત, પ્રદૂષણ હટાવો, વૃક્ષો વાવો, બેટી બચાવો, ટ્રાફિક નિયમોનું પાલન કરવું સ્વચ્છતાનું પાલન, રકતદાન કે દેહદાન, સુપ્રવૃત્તિમાં પોતાનું યોગદાન વગેરે સંકલ્પો લઈ શકાય. કોઈ વ્યસન હોય તો તે છોડી દેવાનો સંકલ્પ, મક્કમ મને આજે જ કરો, કદાચ એમ નહીં કરાય તો આવતી કાલે એ ઘણું મોડું થઈ ગયું હશે. વ્યસન છોડવું એ જાત માટે, કુટુંબ માટે અને સમાજ માટે હિતકારી છે.



## સપ્તાહનાં વ્રત-તહેવારો તા. ૨૭ ઓક્ટોબરથી તા. ૨ નવેમ્બર - ૨૦૨૫

### તા. ૨૭ ઓક્ટોબર સોમવાર
કારતક સુદ છઠ, વૃદ્ધિ તિથિ, છઠ પૂજા(સૂર્યસિદ્ધાંત)

### તા. ૨૮ ઓક્ટોબર મંગળવાર
કારતક સુદ છઠ, સૂર્ય ષષ્ઠી, અઠ્ઠાઇ વ્રતારંભ જૈન, છઠપૂજા

### તા. ૨૯ ઓક્ટોબર બુધવાર
કારતક સુદ સાતમ, જલારામ જયંતી, શ્રી સહસ્ત્રાર્જુન જયંતી

### તા. 30 ઓક્ટોબર ગુરુવાર
કારતક સુદ આઠમ દુર્ગાષ્ટમી, ગોપાષ્ટમી, અક્ષર નોમ, કુષ્માંડ નવમી, અનઘા નવમી

### તા. 3૧ ઓક્ટોબર શુક્રવાર
કારતક સુદ નોમ, સરદાર પટેલ જયંતી હરિ જયંતી, શ્રી રંગઅવધૂત જયંતી, પંચક પ્રારંભ સવારે 6. 49 કલાકથી, યુગલ પરિક્રમા

### તા. ૧ નવેમ્બર શનિવાર
કારતક સુદ દશમ પ્રબોધિની એકાદશી, બિલીપત્ર, ભીષ્મ પંચક વ્રતારંભ, પંચક, ભવાની માતા મેળો, અનાવલ

### તા. ૨ નવેમ્બર રવિવાર
કારતક સુદ એકાદશી, પ્રબોધિની એકાદશી, દેવઊઠી અગિયારસ, પંઢરપુરયાત્રા, બારસનો ક્ષય, ચાતુર્માસ સમાપ્ત, પંચક, બળિયાબાપજી મેળો, વલવાડા, સોનપુર મેળો- બિહાર, તુલસીવિવાહ પ્રારંભ કવિ કાલિદાસ સ્મૃતિ સમારોહ, ઉજ્જૈન, સંત નામદેવ મહારાજ જયંતી